# મોડાસામાં ગાજવીજ સાથે વરસાદની ધમાકેદાર શરૂઆત

## માટીની મીઠી સુગંધ વાતાવરણમાં પ્રસરી : ભુલકાઓએ વરસાદી પાણીથી નાહવાનો લુપ્ત ઉઠાવ્યો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોમવારે રાત્રીના સમયે વરસાદ બાદ બુધવારે સાંજના ૪.૩૦ કલાકે આકાશે કાળાડિબાંગ વાદળો ઘેરાઈ ગાજવીજ સાથે વરસાદ વરસવાનો શરૂ થતા મોડાસાના શહેરીજનોએ કાળઝાળ ગરમીમાંથી છુટકારો મળ્યાનો અહેસાસ થયો હતો. સૂર્યદેવના આકરા તાપથી તપેલી ધરતીમાતા પણ વરસાદના આગમનથી ઠંડી પડતા જમીનમાંથી માટીની મીઠી સુગંધથી પ્રજાજનો સંતુષ્પ થયા હતા. શહેરના ભુલકાઓએ વરસતા વરસાદમાં નાહ્યાનો લુપ્ત ઉઠાવતા અને પાણીમાં રમવાનો આનંદ મેળવ્યો છે.



મોડાસા શહેરમાં છેલ્લા સપ્તાહથી વાતાવરણમાં ભારે પલટો આવવાની સાથે વાદળછાયા વાતાવરણથી શહેરીજનો વરસાદના આગમનની રાહ જોતા હતા ત્યારે સોમવારે રાત્રીના સમયે વરસાદ વરસ્યો હતો ત્યારબાદ સતત બે દિવસ સુધી અસહ્ય બફારો અને ઉકળાટથી પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. બુધવારે આકાશ સ્વચ્છ રહ્યા બાદ બપોર સુધી સૂર્યદેવે આકરા ઉનાળાની અનુભૂતિ કરાવતા હોય તેમ તાપમાનનો પારો ઉંચકાયો હતો. વાતાવરણમાં અચાનક પલટો આવતા સાંજના ૪ વાગ્યાના સુમારે આકાશે વાદળો ગોરંભાયા બાદ ધીમે ધીમે વરસાદ શરૂ થવાની સાથે તીવ્ર પવનની ગતિ સાથે ગાજવીજ સાથે વરસાદ તુટી પડતા વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી હતી. ૪.૩૦ થી શરૂ થયેલો વરસાદ સતત એક કલાકથી વધુ સમય વરસવાનુ ચાલુ રાખતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરીમાં બુધવારે સાંજના સમયે શરૂ થયેલા ગાજવીજ સાથેના વરસાદથી ખાબોચીયા ભરાયા હતા. મોડાસા શહેરના ભુલકાઓએ વરસાદના આગમનને વધાવવા ચોમાસાની ઋતુમાં વરસાદમાં મનભરીને વરસાદી પાણીના નાહવાનો લુપ્ત ઉઠાવતા અને બાળમસ્તીમાં પાણીમાં છબછબીયા કરતા નજરે ચડતા હતા.

# મોડાસાની જુની કલેક્ટર કચેરીના બોર્ડથી જિલ્લાના પ્રજાજનો અસમંજસમાં

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાનુ નવનિર્માણ થયા પછી જિલ્લાનુ મુખ્યમથક મોડાસા શહેરમાં બસસ્ટેન્ડ પાછળ આવેલી મામલતદાર કચેરીમાં જિલ્લાની કલેક્ટર કચેરી કાર્યરત કરવામાં આવી હતી. ત્યારબાદ મોડાસા શહેરથી ૩ કિમી દૂર છ મહિના અગાઉ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે શામળાજી રોડ પર જિલ્લા સેવાસદન સહિત બહુમાળી ભવનની બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવતા બસસ્ટેન્ડ પાછળ મામલતદાર કચેરીમાં કાર્યરત જિલ્લા કલેક્ટર કચેરી સહિત અન્ય સરકારી કચેરીઓ જિલ્લા સેવાસદન બિલ્ડીંગમાં ખસેડવામાં આવી હતી. પરંતુ બસસ્ટેન્ડ પાછળ લાગેલ કલેક્ટર કચેરીના બોર્ડ ખસેડવાની જિલ્લા વહીવટીતંત્ર તસ્દી ન લેતા જિલ્લાના અજાણ પ્રજાજનો અને છેવાડા વિસ્તારના લોકો જિલ્લા કલેક્ટર કચેરીના કામકાજ અર્થે આવતા બોર્ડના આધારે બસસ્ટેન્ડ પાછળ આવેલી કલેક્ટર કચેરી પહોંચી જતા હોય છે. અને તાળાબંધી કરેલી બિલ્ડીંગ જોતા વિચારમાં પડી જાય છે ત્યારે આજુબાજુમાં રાહદારી કે દુકાનવાળાને પુછતા જાણવા મળે છે કે જિલ્લા કલેક્ટર કચેરી તો છ મહિના પહેલા શામળાજી બાયપાસ રોડ પર ખસેડવામાં આવી છે ત્યારે રીતસર નિસાસા નાખતા નજરે પડે છે અને ધરમધક્કા ખાવાના આવતા જિલ્લા વહીવટીતંત્રના અણઘડ વહીવટ સામે ફીટકાર વરસાવાની સાથે જૂના કલેક્ટર કચેરીના બોર્ડ હટાવી લેવા ઉગ્ર માંગ કરતા નજરે પડે છે જેથી બીજા અન્ય ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનોને ધરમના ધક્કા ન ખાવા પડે.




# પ્રાંતિજમાં યોગ દિન મનાવાયો હજારોની સંખ્યામાં નાગરિકો જોડાયા

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી અને જાયન્ટસ ગ્રુપ દ્વારા ૨૧ જૂન વિશ્વ યોગા દિવસને લઈ યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રહિશો જોડાયા હતા.

પ્રાંતિજની નાની ભાગોળ વિસ્તારમાં આવેલી પટેલ સમાજની વાડી બ્રહ્માકુમારી તથા પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ દ્વારા યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બ્રહ્માકુમારી ચંદ્રીકાબેન, મોહિનીબેન તથા જાયન્ટસ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ ટેકવાણી નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ડો. એન.કે. ડેરીયા, શરદભાઈ પરીખ, રતિભાઈ ટેકવાની, જગદીશભાઈ કિંમતાણી, જમનાદાસ વકીલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડો. મહેશભાઈ હેમાની દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું અને યોગના ફાયદા અંગે માહિતી આપવામાં આવી હતી. પ્રાંતિજમાં એક સાથે યોગ દિવસમાં હજારો નાગરિકોએ જોડાઈ યોગદાન આપ્યુ હતુ. ઉપરાંત પ્રાંતિજ બ્રહ્માકુમારી ખાતે દસ દિવસ સુધી રાત્રીના ૮ થી ૯.૩૦ કલાક દરમિયાન ધ્યાન યોગ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે.





## બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ ઉજવાયો

ચાણસ્મા તાલુકાના મણીયારી ગામે ભટ્ટ, દેરાશ્ન અને મહેતા કુટુંબના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. માતાજીના નિજ મંદિરે હોમ-હવન, આરતી તથા મહા પ્રસાદનું આયોજન થયુ હતુ. માતાજીએ મણીયાર ગામની નગરચર્યા પણ શોભાયાત્રા સ્વરૂપે કરી હતી. જેઠ સુદ-૧ ઉને શનિવારના રોજ યોજાયેલા આ પવિત્ર પ્રસંગે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, હળવદ, સુરેન્દ્રનગર તથા રાજ્યના અનેક સ્થળેથી માતાજીના બાળુડાઓ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. માતાજીના જય જયકાર સાથે સૌ હાજર માઈભક્તોએ પ્રસંગનો સુખદ અનુભવ માણ્યો હતો.

## માતાએ પુત્રી સાથે ટ્રેન નીચે ઝંપલાવતા માતાનું મોત

પાલનપુર, તા. ૨૨

પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન પાછળ આજે એક માતાએ પોતાની ૨ વર્ષ ની બાળકી સાથે રેલવે ટ્રેન નીચે મોતની છલાંગ લગાવી હતી જેના પરિણામે માતાનું ટ્રેન નીચે આવી જતા મોત થવા પામ્યું છે જ્યારે ૨ વર્ષની કોમળ ફૂલ જેવી બાળકીનો આબાદ બચાવ થયો છે.



## પાલનપુરના છાત્રોને હવે એસ.ટી પાસ કોલેજમાં મળશે

ગામડાથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને એસ.ટી પાસ માટે એસ.ટી ડેપોમા મોટી લાઈનોમા કલાકો સુધી હેરાનગતી સાથે ઉભા રહેવું પડતું હતું. જેના લીધે કોલજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમય એસ.ટી. પાસ મેળવામાં જ વેડફાઈ જતો હતો. દર વર્ષ શરૂ થતા કોલેજના નવા સત્રના શિક્ષણ સમય વિદ્યાર્થીઓને એસ.ટી. પાસ માટે હાડમારી ના ભોગવી પડે તે માટે પાલનપુરની સેવાભાવી સંસ્થા સદભાવના ગ્રુપ દ્વારા કોલેજમાંથી જ વિદ્યાર્થીઓને સરળતાથી બસના પાસ મળી રહે તે માટે સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

પાલનપુરમા આવેલ જી.ડી. મોદી કોલેજમા ગામડાના ત્રણ હજારથી વધુ વિદ્યાર્થી અભ્યાસ માટે આવતા હોય છે. જો કે ગામડાથી શહેરમા અવર જવર ના બસ પાસ માટે દર વર્ષે વિદ્યાર્થીઓને મુશ્કેલી વેઠવી પડતી હતી. વિદ્યાર્થીઓની માંગણીને લઈને પાલનપુર એસ ટી વિભાગ અને સદભાવના ગ્રુપના સહયોગથી, કોલેજમાં પ્રથમવાર એસ.ટી. પાસ આપવાની સુવિધા શરૂ થતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી. આજે ડીરેકટર દિનેશભાઈ અનાવાડીયા તેમજ સદભાવના ગ્રુપના પ્રમુખ હરેશભાઈ ચૌધરી તેમજ મંત્રી સાગર જાનીની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને બસ પાસ આપવામાં આવ્યા હતા.

# ગાજણ ગામની સીમમાંથી ૧૭.૮૬ લાખનો પોશ ડોડાનો જથ્થો ઝડપાયો

## ટ્રકચાલક સહિત એક આરોપી અંધારાનો લાભ લઈ ફરાર

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલ રતનપુર ચેકપોસ્ટ, મેઘરજ નજીક આવેલ ઉન્ડવા સરહદ, રેલ્લાવાડા નજીક નવાકુવા સરહદ જેવી આંતરરાજ્ય સરહદથી ગુજરાત રાજ્યમાં રોજનો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ તેમજ નશાકારક કેફીદ્રવ્યોની હેરાફેરી મોટા પ્રમાણમાં બુટલેગરો અને અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે ગુજરાત રાજ્યમાં ઘુસાડવા સતત પ્રયત્નશીલ હોય છે. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે મંગળવારે રાત્રીના સમયે બાતમીના આધારે મોડાસા નજીક આવેલા ગાજણ ગામની સીમમાંથી ઘઉની બોરીઓ નીચે સંતાડેલ ટ્રકમાંથી ૨૯૭૭.૫૦૦ ગ્રામ પોશડોડાનો જથ્થો કિંમત રૂ. ૧૭૮૬૫૦૦ મળી કુલ ૩૦.૧૩.૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળી હતી. અપેક્ષા અનુસાર ટ્રકચાલક સહિત અન્ય એક આરોપી અંધારાનો લાભ લઈ નાસી જવામાં સફળ રહ્યો હતો.



અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.એસ. પરમારને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી મંગળવારે રાત્રે ગેરકાયદેસર વગર પાસ પરમિટે ટ્રકમાં પોશડોડાનો જથ્થો ગુજરાત રાજ્યમાં ઘુસાડવાનો હોવાથી જિલ્લા એલસીબી પોલીસે મોડાસા નજીક ગાજણ ટોલટેક્સ નજીક ગામની સીમમાં મોડાસા નાયબ પોલીસ અધિક્ષક અને તેમની ટીમ સાથે નાકાબંધી કરી વૉચ ગોઠવી હતી. મંગળવારે રાત્રે ૯.૩૦ કલાકના સમયે શામળાજી તરફથી આવતી ટ્રક (ગાડી નં. આરજે-૨૭-જીએ-૩૬૫૧)ને રોકવાનો પ્રયત્ન કરતાં ટ્રકચાલક સહિત અન્ય એક આરોપી ટ્રક રોડની બાજુમાં ઉભી રાખી રાત્રીના અંધારામાં રફુચક્કર થઈ ગયા હતા. જિલ્લા એલસીબી પોલીસે ટ્રકમાં તલાસી હાથ ધરતાં ઘઉંની બોરીઓ નીચે માદકપદાર્થ પોશડોડાનો જથ્થો પ્લાસ્ટીકની થેલીઓ નંગ-૧૫૦ની અંદર ભરેલો ૨૯૭૭.૫૦૦ કિગ્રાનો જથ્થો કિંમત રૂ. ૧૭૮૬૫૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૧૦૦૦૦૦૦ પોડોડાના ઉપર ગોઠવેલા ઘઉનો જથ્થો કિંમત રૂ. ૨૨૫૦૦૦ તથા તાડપત્રીની કિંમત રૂ. ૧૦૦૦ તથા રસ્સીની કિંમત રૂ. ૫૦૦ મળી કુલ કિંમત રૂ. ૩૦,૧૩,૩૦૦નો વગર પાસપરમીટનો ગેરકાયદેસર જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી હતી. જિલ્લા એલસીબી પોલીસે ફરાર ટ્રકચાલક સહિત અન્ય એક આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પાલનપુરમાં કાશ્મીરના સૌંદર્યનું ફોટો પ્રદર્શન યોજાયુ

પાલનપુર, તા. ૨૨

'ક કાશ્મીરનો ક' આ શબ્દ કોઈ પાઠ્ય પુસ્તકનો નથી પરંતુ પાલનપુરના તબીબે કાશ્મીરની અદભુત ફોટોગ્રાફીનું પ્રદર્શન નામ રાખ્યું છે કાશ્મીર આપણું છે એ ભાવ લોકોમાં મજબુત બને તે હેતુથી કાશ્મીરની વાદીઓની સુંદરતા તેમજ સંસ્કૃતિ રજુ કરતો એક ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.



પાલનપુરમાં વિદ્યામંદિર સંકુલ ખાતે પાલનપુરના તબીબ ડૉ. દર્શન શાહે કાશ્મીરના પ્રવાસ દરમિયાન પોતાના કેમરામાં કિલીક કરેલ મનમોહક ફોટો પ્રદર્શનમાં લોકોને નિહાળવા માટે મુકી છે. આ કાશ્મીર ફોટો પ્રદર્શનમાં જુદી જુદી ૫૫ જેટલી તસ્વીરોમાં કાશ્મીરની સુંદરતા જોવા મળી રહી છે શ્રીનગર અને લદાખ વિસ્તારની અદભુત તસ્વીરોનું અનોખું નજરાણું આ ફોટો પ્રદર્શનમાં મુકવામાં આવ્યું છે. કાશ્મીરના આજ આ ફોટો પ્રદર્શનને નિહાળવા માટે લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. ડૉ. દર્શન શાહે જણાવ્યું હતું કે હવે ભણતા બાળકોને કમળનો ક નહિ પણ કાશ્મીરનો ક બોલવું જોઈએ જેથી આપણા કાશ્મીરની બ્યુટીની ખબર પડે. તેમને વધુમાં ડૉ. શાહે જણાવ્યું હતું લદાખમાં એક જ પેલેસમાં હિદુ અને મુસ્લિમ પરિવાર અભ્યાસ કરી એકતા દર્શન કરાવે છે.

# મેઘરજના રામગઢી ગામે લાકડા ભરેલી બે ગાડી ઝડપાઈ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી રોડ અને વાસણા પંચાયતમાં આવેલા ખાંડીવાવ ગામે ગત રાત્રીના સમયે ફોરેસ્ટ ઓફિસનો સ્ટાફ પેટ્રોલીંગ કરી રહ્યો હતો તે દરમ્યાન ત્યાંથી પસાર થતી બે ગાડીઓ પર શંકા જતા તેને અટકાવી તપાસ હાથ ધરી હતી અને ગાડીને જીણવટભરી રીતે તપાસ કરતા ગાડીઓ લાકડાઓથી ભરી હોવાનું જણાતા ફોરેસ્ટ સ્ટાફે ગાડી ચાલક પાસેથી પાસ પરમીટની માંગણી કરી હતી. પરંતુ ગાડીનો ડ્રાઈવર ગાડીમાં લઈ જવાતા લાકડાના માલસામાન અંગેનું પાસ પરમીટ રજુ કરી શક્યો ન હતો. જેમાં એક ગાડી મેઘરજથી ૨ કિ.મી. દૂર રામગઢી રોડ ઉપર પકડવામાં આવી છે. જ્યારે બીજી ગાડી મેઘરજથી ૩ કિ.મી. દૂર વાસણા નજીક ખાંડીવાવ ગામે પકડાઈ હતી. જેમાં લીલા વૃક્ષો કાપીને લઈ જવાતા હતા. તેની વાહનચાલક પાસે કોઈપણ જાતની પાસ કે પરમીટ મળેલ નહી અને ગલ્લા તલ્લા કરી રહ્યો હતો. પરીણામે સ્ટાફે ગાડીઓને અટકાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી માલ કઈ નર્સરીના કયા જંગલમાંથી કાપીને લઈ જવાતો હતો કે કેમ તેનુ પંચનામુ કરી જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. તેવુ ફોરેસ્ટ ખાતાના સુત્રો તરફથી જાણવા મળેલ છે.



